**Publication:** Satellite Samachar
**Date:** 08/08/2015
**Edition:** Ahmedabad
**Page No:** 3
**Headline:** TCS IT Quiz on 11 August

# ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૫ અમદાવાદમાં ૧૧મી ઓગસ્ટે યોજાશે

અમદાવાદ, ૬ ઓગષ્ટ, ૨૦૧૫ : ૨૦૧૫ ટીસીએસ આઈટી વીઝ, જે દેશની સૌથી મોટી ઈન્ટર-સ્કુલ ક્વિઝ છે, જે ટાટા કન્સલટન્સી સર્વિસ (ટીસીએસ), એક અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન કંપની છે. ટીસીએસ આઈટી વીઝની અમદાવાદનું આયોજન ૧૧મી ઓગસ્ટ, મંગળવારના રોજ રવિન્દ્રનાથ ટાગોર હોલ, પાલડી ખાતે યોજવામાં આવી છે.

આમાં કોઈ એન્ટ્રી ફી નથી. ધોરણ ૮-૧૨માં ભણતા કોઈપણ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. દરેક સંસ્થા સ્પર્ધકો તરીકે વધુમાં વધુ ૮ ટીમ (એક ટીમમાં ૨ સભ્ય) મોકલી શકે છે. ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૫ દેશના ૧૫ લોકેશન પર યોજાશે- અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્વર, ચેન્નઈ, કોઈમ્બતુર, દિલ્હી, હૈદ્રાબાદ, ઈંદોર, કોચી, કોલકત્તા, લખનૌ, મુંબઈ, નાગપુર, પૂના અને વિશાખાપટ્ટનમનો સમાવેશ થાય છે. ચાલુ વર્ષે આઈટી વીઝની શરૂઆત વિશાખાપટ્ટનમ્થી થશે.

સ્પર્ધા માટેની એન્ટ્રી માનનિય સંસ્થાઓ દ્વારા ૮ ઓગસ્ટ પહેલાં ટીસીએસ આઈટી વીઝ, કોઓર્ડિનેટર, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, શ્રી અંશુલ મેહતા, ટીસીએસ આઈટી વીઝ કોઓર્ડિનેટર, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસીસ, ઈન્ફો ટાવર આઈ. ઈન્ફોસિટી, એરપોર્ટ રોડ ગાંધીનગર- ૩૮૨૦૦૯, ગુજરાત, ભારત ખાતે મોકલવાની રહેશે. વધુ માહિતી માટે ૦૭૯-૬૬૭૧ ૨૭૦૨ પર ફોન કરો. તમે ઓનલાઈન www.tcsitwiz.com પર રજીસ્ટ્રેશન કરી શકો છો. તમે અમને ટ્વિટર પર @TCSITWiz ફોલો કરી શકો છો.

પ્રશ્નોની શૈલી : પ્રાથમિક લેખિત રાઉન્ડમાં વિજેતા થયેલી ટોચની ૬ ટીમ પ્રાંતિય ફાઈનલ રાઉન્ડ માટે લાયક બનશે. જો કોઈ શાળાની એક કરતાં વધુ ટીમ ફાઈનલ રાઉન્ડ માટે પસંદગી પામશે તો, દરેક શાળામાંથી જે ટીમે વધુ સ્કોર બનાવ્યો હશે તેને સ્ટેજ પર બોલાવવામાં આવશે. પ્રાંતિય ફાઈનલના વિજેતા સ્પર્ધકો ડિસેમ્બરમાં યોજાનાર મેગાફાઈનલમાં ભાગ લેશે. વિજેતા ટીમને મુંબઈ સુધઈ વિમાની મુસાફરીનો લાભ મળશે.